ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૪૩.૦ ડીગ્રી
લઘુતમ : ૨૮.૧ ડીગ્રી
ભેજ
સવારે ૫૫ ટકા ● સાંજે ૨૨ ટકા

# શહેરમાં વિદેશી લીંબુની આવક થતાં ભાવ ઘટયા

## ૧ લીંબુનું વજન ૧૦૦ ગ્રામ જેટલું : જેની સરખામણીએ સ્થાનિક લીંબુનું વજન સરેરાશ ૨૩-૩૫ ગ્રામ જેટલું હોય છે

ગાંધીનગર, તા.૧૫

ઉનાળાની ગરમીમાં લીંબુની આવક ઓછી થતાં જ ભાવમાં તોતિંગ વધારો થયો હતો. એક મહિના પહેલા થયેલા લીંબુના ભાવવધારા બાદ હવે માર્કેટમાં ભાવમાં કડાકો જોવા મળી રહ્યો છે. હાલમાં હોલસેલ માર્કેટમાં ૭૦ રૂપિયે કિલો અને રીટેલ માર્કેટમાં ૧૦૦ રૂપિયે કિલો લીંબુ વેચાઈ રહ્યા છે ત્યારે શહેરમાં વિદેશી લીંબુ જોવા મળી રહ્યા છે. દક્ષિણ ભારતના કેટલાક રાજયમાં વાવાઝોડા અને વરસાદને કારણે ગુજરાતમાં લીંબુની આવક ઘટી છે બીજી તરફ તુર્કીમાં લીંબુની આવક પુષ્કળ માત્રામાં થવાથી ત્યાં લીંબુના ભાવમાં મોટો ઘટાડો થયો છે જેથી ગુજરાતમાં તેની આયાત કરવામાં આવી છે.

વિદેશી બજારોમાં ખેડૂતોને પર્યાપ્ત ભાવ નથી મળી રહ્યા. હોલસેલ વેપારીઓ તરફથી દાવો કરવામાં આવ્યો છે કે પહેલીવાર આ પ્રકારે લીંબુના ભાવ અને આવકની પરિસ્થિતિ વચ્ચે લીંબુની આયાત વિદેશમાંથી કરવામાં આવી રહી છે. અહીંયા લીંબુની આવક ઓછી થઈ રહી છે અને





ભાવમાં પણ મોટો વધારો જોવા મળી રહ્યો છે. આ સ્થિતિમાં વેપારીઓ દ્વારા આ પ્રકારે લીંબુની આયાત કરવામાં આવી રહી છે. આ વિદેશી લીંબુની વિશેષતાની વાત કરવામાં આવે તો ૧ લીંબુનું વજન ૧૦૦ ગ્રામ જેટલું થાય છે. જેની સરખામણીએ સ્થાનિક લીંબુનું વજન સરેરાશ ૨૩-૩૫ ગ્રામ જેટલું હોય છે. મોટો આકાર ધરાવતા લીંબુ હોવાથી રસદાર પણ હોય છે. ૯૦ રૂપિયા કિલોના ભાવથી આ લીંબુ વિદેશમાંથી આયાત કરવામાં આવ્યા છે. લીંબુનો ભાવ રૂ. ૧૫૦-૨૦૦ પ્રતિ કિલો હતો. રમજાન અને ચૈત્રી નવરાત્રિ બાદ લીંબુની માંગમાં આંશિક ઘટાડો થયો અને ભાવ ૧૦૦ સુધી પહોંચ્યો છે. ઉનાળામાં લીંબુનો ભાવ ૧૨૦થી ૧૫૦ પ્રતિ કિલો સુધી પહોંચ્યો છે. જો કે આ વખતે વધુ પ્રમાણમાં ગરમી પડી રહી છે અને માંગ પણ વધુ જોવા મળી રહી છે જેની સામે આવક ઓછી છે તેથી આ વિદેશી લીંબુનું આગમન આ પરિસ્થિતિને પહોંચી વળવા માટે અસરકારક સાબિત થશે. આમ જોવા જઈએ તો લીંબુ માટેઆંધ્રની માટી સૌથી સારી છે અને વારંવાર પાણીની જરૂર પડતી નથી લીંબુના ઝાડ ૩-૪ વર્ષમાં ફળ આપવાનું શરુ કરી દે છે અને ૫ વર્ષ સુધી એને ખાતર અને જરૂરિયાત જેટલું પાણી જીવતું રાખે છે.

# ગાંધીનગર વણકર સમાજ દ્વારા યોજાયો સમુહ લગ્નોત્સવ

ગાંધીનગર, તા.૧૫

શ્રી ગાંધીનગર વસાહતી બેતાલીસ ગામ(પાંચ ગોળ) વણકર સમાજ ગાંધીનગર દ્વારા ૧૪મી મે શનિવારના રોજ લગ્નવાડી, દત્ત મંદિર, સેક્ટર-૨૮, ગાંધીનગર ખાતે સમગ્ર વણકર સમાજનો દ્વિતીય સમૂહલગ્નોત્સવ સમારોહનું આયોજન કરવામાં આવેલ હતું . જેમાં કુલ-૧૬ યુગલોએ પ્રભુતામાં પગલાં પાડયાં હતાં.

દરેક સમાજના દિકરા-દિકરીની ઉંમર લાયક થાય તે સાથે જ, ખાસ કરીને ગરીબ પરિવાર માટે મોંઘવારીમાં લગ્ન પ્રસંગે કરવો પડતો ખર્ચ અસહ્ય બની જતો હોય, ક્યારેક ઘણા પરિવાર દેવાના ડુંગર નીચે આવી જતાં હોય છે. ત્યારે વણકર સમાજ દ્વારા સમાજને મોટા અને ખોટા ખર્ચમાંથી મુક્ત કરી સમાજના આર્થિક ઉત્થાનના શુભ હેતુ સાથે દ્વિતીય સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.



આ પ્રસંગે સમારંભના પ્રમુખ કે.કે.ચૌહાણ, સમારંભના ઉદઘાટક સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના કેબીનેટ મંત્રી પ્રદિપભાઈ પરમાર, ગાંધીનગર મહાનગરપાલિકાના પૂર્વ ડે.મેયર નાઝાભાઈ ઘાંઘર અને ભોજન દાતા ડાહ્યાભાઈ અને સોમાભાઈ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા. બૌદ્ધ ઉપાસદ ભીખાભાઈ અમીને નવદંપતિઓને આર્શીવચન આપ્યા હતા.

રાજ્ય સરકારના સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રી પ્રદિપભાઈ પરમારે જણાવ્યું હતું કે સમાજ કલ્યાણની કલ્યાણકારી યોજનાઓથી માહિતગાર કરી વિદેશ પ્રવાસે ઉચ્ચ અભ્યાસ અર્થે જતા બાળકો તથા સાત ફેરા સમુહલગ્ન યોજનાની વિસ્તૃત જાણકારી આપી લાભ લેવા જણાવ્યું હતું. નવયુગલોને વિવિધ ભેંટસોગાદ આપી સમાજ કલ્યાણના પ્રમાણપત્રો તથા રોકડ પુરસ્કારથી નવાજ્યા હતા. આ પ્રસંગે નિયામક અનુસુચિત કલ્યાણ બી.પી ચોહાણ, સંયુક્ત નિયામક નયનાબેન તેમજ સમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આયોજક સમિતિ દ્વારા ખૂબ જ સુંદર આયોજન કરવામાં આવ્યું હતુ, જેમાં સવારે જાન આગમન બાદ લગ્ન વિધિ યોજાઈ હતી, ત્યારબાદ મહેમાનશ્રીઓ તથા દાતાશ્રીઓના સત્કાર સમારંભ કરીને દીકરીઓને વિદાય કરવામાં આવી હતી, જેમાં સમસ્ત સમાજ બંધુઓ હર્ષોલ્લાસ સાથે જોડાયા હતા.

# આર્ચડાયોસીસ ઓફ ગાંધીનગર દ્વારા ઉત્તર ગુજરાતના યુવાન યુવતીઓ માટે કારકિર્દી મોટીવેશન કાર્યક્રમનું આયોજન



ગાંધીનગર, તા.૧૫

અત્યારના આધુનિક યુગમાં યુવાનો પોતાની કારકિર્દી કેવી રીતે શરૂઆત કરવી તેના માટે મુંઝવણ અનુભવતા હોય છે. આ મુંઝવણને કેવી રીતે નિવારી શકાય અને પોતાની કારકિર્દી યોગ્ય દિશામાં સફળ બનાવી શકાય તેના ભાગરૂપે આર્ચડાયોસીસ ઓફ ગાંધીનગર દ્વારા જીવન વિકાસ કેન્દ્ર પેથાપુર ખાતે કારકિર્દી મોટીવેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આર્ચબીશપ થોમાસ મેકવાન, મિસ્ટર દેબા રંજન, મિસ્ટર ચંદ્રવદન મેકવાન અને ઉત્તર ગુજરાત માંથી ૬૦ જેટલા યુવાન – યુવતીઓ એ ભાગ લીધો હતો.



ગાંધીનગરના વાવોલ-કોલવડા રોડ પર ‘મા ફાઉન્ડેશન’ નામની સંસ્થા દ્વારા બિમાર કે ઈજાગ્રસ્ત કૂતરાંઓની સારવાર તથા દેખભાળ માટે શેલ્ટર હોમ બનાવાયું છે જ્યાં આ પ્રકારના સ્ટ્રીટ ડોગ્સ માટે તબીબ સહિતની સુવિધા વિકસાવાઈ છે. આ શેલ્ટર હોમને ૧૫ માસ પૂર્ણ થવાના પ્રસંગે તેના સંચાલક રાજુભાઈ બોથરા જેઓ અમદાવાદના શાહીબાગ વિસ્તારની શાહી કુટિર ગ્રીન સોસાયટી ખાતે રહે છે, જેમણે પોતાની સોસાયટીના સભ્યો માટે એક પ્રિતીભોજન સાથે સ્નેહમિલન સમારંભ જેવું આયોજન કર્યુ હતું જેમાં તેમની સોસાયટીના આશરે ૩૦થી વધુ સભ્યો જોડાયાં હતા.

# આઈઆઈટીઈના અભ્યાસક્રમોમાં પ્રવેશની તારીખ લંબાવાઈ

ગાંધીનગર ખાતેની ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાનના સેન્ટર ઓફ એજ્યુકેશન દ્વારા ચલાવાતા **B.Sc.-B.Ed.** તથા **B.A.-B.Ed.**ના ચાર વર્ષના ઈન્ટિગ્રેટેડ અભ્યાસક્રમો ઉપરાંત, ત્રણ વર્ષના ઈન્ટિગ્રેટેડ ઈનોવેટિવ **M.Sc./M.A.-M.Ed.**, ત્રણ વર્ષના ઈન્ટિગ્રેટેડ **B.Ed.-M.Ed.**, બે વર્ષના **M.Ed.** અભ્યાસક્રમો, શિક્ષણ વિદ્યાશાખામાં સંશોધનાત્મક કાર્યક્રમ **Ph.D.** પ્રોગ્રામ્સ તેમજ સંલગ્ન કોલેજના બી. એડ. અભ્યાસક્રમમાં પ્રવેશ માટે ઓનલાઈન અરજી કરવાની તારીખ ૨૧/૫/૨૦૨૨ સુધી લંબાવવામાં આવી છે. તારીખ ૧૫/૦૫/૨૦૨૨ સુધીમાં કુલ ૧૦૮૧૫ અરજીઓ મળેલ છે, જે ફાળવેલ બેઠકો કરતા ત્રણ ગણી કરતા પણ વધારે છે. આ તમામ અભ્યાસક્રમોમાં એડમિશન માટેની ‘આઈ૩ટી’ (**I3T – Integrated Test for Teacher Trainee**) પ્રવેશ પરીક્ષા ૨૯/૫/૨૦૨૨ ના રોજ ના રોજ ૩૫ કેન્દ્રો પર યોજાશે. એડમિશન માટેનું પોર્ટલ **http://portal.iite.ac.in/admission/** છે જેના પર અરજી કરી શકાશે.

# ગાંધીનગર ખાતે આદ્ય પત્રકાર ’દેવર્ષિ નારદ જયંતી’ની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર ખાતે આજે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રચાર વિભાગના ઉપક્રમે સમાચારના દેવતા અને આદ્ય પત્રકાર દેવર્ષિ નારદ જયંતી’ની ઉજવણી કરાઈ હતી. ગાંધીનગર નગરના વિવિધ પ્રતિષ્ઠત અખબાર અને ઈલેક્ટ્રોનિક મીડિયા મિત્રોની ખાસ ઉપસ્થિતિમાં યોજાયેલા અભ્યાસ વર્ગમાં રેડિયો જોકી અને વરિષ્ઠ પત્રકાર સૌરભભાઈ શુક્લે દેવર્ષિ નારદજી વિશ્વના પ્રથમ પત્રકાર, સમાચારના દેવતા, પરિચય, તેમની ભૂમિકા આપીને વર્તમાન સમયમાં પત્રકાર અને સમાચારનું મહત્વ વિશે વિગતવાર સમજ આપી હતી. આ પ્રસંગે ઉપસ્થિત મીડિયા મિત્રો સાથે સંવાદ પણ યોજાયો હતો. ભારત માતા મંદિર, સેક્ટર-૭ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ગાંધીનગર નગરના મીડિયા મિત્રો, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, ગાંધીનગર વિભાગના પ્રચાર પ્રમુખ જગતભાઈ પુરોહિત, જિલ્લા કાર્યવાહ જયેશભાઈ ગોસ્વામી,જિલ્લા પ્રચાર ટોળીના સદસ્ય કિરણભાઈ પંચાલ, આર્ગિશભાઈ દવે સહિત કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.




# પાવરહાઉસના પ્રદૂષણ અને અક્ષરધામના પાર્કિંગથી પરેશાન સેકટર-૩૦

## વર્ષોથી ઉચ્ચકક્ષાએ ઉકેલ સાથેની રજૂઆતો છતાં પાવરહાઉસના પ્રદૂષણને નાથવા કોઈ પગલાં નહીં : સેકટરમાં ઘુસી આવતા અક્ષરધામના દર્શનાર્થીઓના વાહનોથી વસાહતીઓ ત્રસ્ત




ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરને પાટનગર તરીકે વિકસાવાયું ત્યારે પ્રથમ તબક્કામાં સેકટર-૧૬ થી ૩૦માં વસવાટ શરૂ કરાયો હતો જેને જૂના સેકટરો તરીકે ઓળખવામાં આવે છે. આજના સેકટરો પૈકી સૌથી પહેલાં સેકટર-૨૯ અને સેકટર-૩૦માં વસવાટ શરૂ કરાયો હતો. સે-૩૦ શહેરનું સૌથી મોટું સેકટર કહી શકાય જે બે ભાગમાં વહેંચાયેલું છે તેમ છતાં જયાં રહેણાંક વિસ્તાર પણ અન્ય સેકટરોની સરખામણીએ ઘણો વિશાળ છે જેના કારણે આ સેકટરમાં વસતા જાણીતા ગઝલકાર કિશોર જીકાદરા કહે છે કે, ‘અન્ય સેકટરને ચાર, પરંતુ અમારા સેકટરને તો આઠ ખૂણાં છે.’ સૌથી જૂના સેકટરો પૈકીનું એક હોવા છતાં સે-૩૦ અનેક સમસ્યાઓ સામે વર્ષોથી ઝઝૂમી રહ્યું છે.

ચિલોડા તરફથી આવતા ગાંધીનગરનું પ્રવેશદ્વાર કહેવાય તેવું મીગ-૨૧ લડાકુ વિમાનથી સજાવેલું સેકટર-૩૦નું સર્કલ આવે જેની એક તરફ થર્મલ પાવર સ્ટેશન અન બીજી તરફ સે-૩૦નો રહેણાંક વિસ્તાર આવે છે, જો કે આ થર્મલ પાવર સ્ટેશન જે સેકટર-૩૦ માટે અત્યાર સુધીની સૌથી મોટી સમસ્યા બની રહ્યું છે કેમ કે તેની ચિમનીઓમાંથી ઉડતી રાખ નજીકના ચારેક સેકટરમાં પથરાય છે જેમાં સૌથી વધુ ભોગ સે-૩૦ બને છે. સે-૩૦ના જાગૃતિ પાર્ક સોસાયટી વસાહત મંડળના અગ્રણી તથા શહેરના જાગૃત નાગરિક પરિષદ સાથે સંકળાયેલા ટેકનિકલ શિક્ષણના નિવૃત્ત જોઈન્ટ ડાયરેકટર રવિન્દ્રભાઈ દવેના જણાવ્યા અનુસાર વર્ષોથી આ સમસ્યા અંગે ઉચ્ચ કક્ષાએ અનેક રજુઆતો કરવામાં આવી છે, તબીબોના મતે આ રાખના કારણે સે-૩૦ના નાગરિકોમાં ફેફસાં અને શ્વાસને લગતી તકલીફો થાય છે અને આ પ્રદૂષણને રોકી શકાય તેમ છે જે અંગેના સૂચનો પણ કરવામાં આવ્યા છે છતાં આજ સુધી તે અંગે કોઈ અસરકારક પગલાં પણ લેવામાં આવ્યા નથી. પહેલાં જે પાંચ ચિમનીઓ હતી તે હવે ત્રણ થઈ ગઈ છે પરંતુ સમસ્યા હજુ પણ એની એ જ રહી છે. આ ઉપરાંત સે-૩૦ની નજીક જ ઘન કચરાના નિકાલ માટે ઉભી કરી દેવાયેલી ડમ્પિંગ સાઈટનું દુર્ગંદયુકત પ્રદૂષણ પણ વસાહતીઓ માટે સમસ્યારૂપ છે. આ ડમ્પિંગ સાઈટ અંગે નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ પણ ટકોર કરી ચુકયું છે. હવે તો મહાનગરપાલિકા ગાંધીનગર ગ્રીન ટ્રિબ્યુનલની રચના કરે તો કદાચ તેનો ઉકેલ આવે. આ સાથેની સાબરમતી નદી પણ કચરાપેટી બનતી જાય છે. તેટલી હદે તેમાં વિવિધ કચરો અને અન્ય ગંદકી તેમાં ઠલવાય છે.

એક સમયે ગાંધીનગરની અદાલત અને આરટીઓ કચેરી સે-૩૦માં હતા જે અહીંથી સ્થળાંતરિત થઈ ગયાં પરંતુ પડતર પડી રહેલી આરટીઓ કચેરી ભંગારખાનું બની ગઈ છે. વળી, તેની આસપાસ પ્રદૂષણને વધારતા ઓટોમોબાઈલ સર્વિસ સેન્ટરોનો રાફડો ફાટયો છે જે સેકટરના અન્ય વિસ્તારમાં ફેલાયો છે જેના કારણે અત્યારે એવી હાલત છે કે આખા ગાંધીનગરમાં નહીં હોય તેટલાં ભંગાર વાહનોનો ખડકલો સે-૩૦માં જોવા મળે છે. સે-૩૦માં કેન્દ્રિય વિદ્યાલય, સિંધુધામ-ઝુલેલાલ મંદિર ઉપરાંત શહેરનું એક માત્ર ગુરુદ્વારા આવેલું છે. તે ઉપરાંત વિશ્વ વિખ્યાત અક્ષરધામ મંદિરનું પાર્કિંગ પણ સે-૩૦માં છે. આ પાર્કિંગના કારણે પણ સેકટરના વસાહતીઓ પરેશાનીનો ભોગ બની રહ્યાં છે. કેમ કે શનિ-રવિ કે તહેવારની રજાઓમાં અહીં મોટી બસ સહિતના વાહનોમાં ઉમટી પડતાં દર્શનાર્થીઓના વાહનો નજીકની સોસાયટીઓના ખાલી અથવા કોમન પ્લોટમાં અડ્ડા જમાવે છે એટલું જ નહીં પરંતુ બસમાં સંઘ લઈને આવેલા ભાવિકોની રસોઈ પણ ત્યાં જ બનાવે અને જમીને પછી બધો ખડકલો ત્યાં જ ખડકીને જતા રહે છે. વળી સેકટરમાં જાહેર સાફસફાઈમાં બેદરકારીની સમસ્યા તો પહેલેથી જ છે તેથી પરિસ્થિતિ વધુ વણસે છે. સેકટરના આંતરિક ભાગોમાં સફાઈકર્મીઓની લાલિયાવાડી સતત રહે છે તેવીઅહીંના વસાહતીઓની ફરિયાદ છે.








સે-૩૦માં ૮૧ મીટરથી લઈને મસ મોટાં ૫૦૪ મીટર સુધીના મળીને કુલ ૭૩૧ ખાનગી પ્લોટ અને ગ-૧થી લઈને જ-૨ સુધીના ૧૭૭૭ સરકારી મકાનો ઉપરાંત ગુજરાત હાઉસિંગ બોર્ડના ૨૩૬ મકાનો મળીને ૨૭૪૪ રહેણાંક વિકસાવાયાં છે. જેમાં હવે હેતુફેર સાથે વિવિધ કોમર્શિયલ દૂષણો પણ ઘુસ્યા છે અને તેના કારણે અસામાજિક તત્વોના અડ્ડા અને દારૂ સહિત અન્ય નશાખોરીનું દૂષણ પણ વધતું જઈ રહ્યું છે. સેકટરની આસપાસમાં વધી રહેલી ગેરકાયદેસર ઝુંપડપટ્ટી પણ આ સમસ્યામાં વધારો કરી રહી છે.

સે-૩૦ના જગદીશભાઈ સોઈટાવાલા નામના એક જાગ્રત વસાહતીના જણાવ્યા અનુસાર સેકટરમાં અનેક સ્થળે પીવાના પાણીનો ફોર્સ ધીમો આવવાની સમસ્યા સતાવી રહી છે. અહીં રહેતા એક પત્રકાર જૈમિન શુકલના જણાવ્યા મુજબ સે-૩૦માં આંતરિક માર્ગોની હાલત તો અત્યંત બિસ્માર છે પરંતુ ૨૧-૩૦ના બસસ્ટેન્ડ પાસે રોડ લેવલીંગ યોગ્ય ના હોવાથી અકસ્માતનો ભય રહે છે. કિશોર જીકાદરાએ કહ્યું હતું કે અહીં ‘નો પાર્કિંગ’ના બોર્ડ લગાવવાની જરૂર છે. કેમ કે અક્ષરધામના કારણે રીક્ષા-જીપ જેવા વાહનોના નડતરરૂપ પાર્કિંગ થઈ રહ્યાં છે. રવિન્દ્રભાઈ દવેએ જણાવ્યા અનુસાર સે-૩૦માં એક માત્ર બગીચાને તો પાયમાલ કરી દેવાયો છે અને સરકારી દવાખાનામાં પણ અપૂરતા સ્ટાફ સાથે સુવિધાઓનો અભાવ છે. સેકટરમાં અનેક જગ્યાએ રોડ લેવલીંગ ખરાબ હોવાથી ચોમાસામાં વરસાદી પાણીના ભરાવા સાથે માખી-મચ્છરનો ઉપદ્રવ અને રોગચાળાનો ભય સર્જાય છે.

●●●

સે-૩૦નો સૌથી મુખ્ય પ્રશ્ન થર્મલ પાવર સ્ટેશનની ઉડતી રાખનો છે જે વસાહતીઓના સ્વાસ્થ્ય માટે જોખમરૂપ છે. આ ઉપરાંત નજીકની ડમ્પિંગ સાઈટ પણ વસાહતીઓ માટે પરેશાની રૂપ બની રહી છે. સે-૩૦માં જાહેર સાફસફાઈના અભાવે અને બંધ પડેલી પોલીસ ચોકીના લીધે વધી રહેલા અસામાજિક તત્વોના અડ્ડા સહિતના દૂષણો સહિત હેતુફેરના બાંધકામોના કારણે સર્જાતી સમસ્યાઓ સતાવી રહી છે.

**- રવિન્દ્ર જે. દવે, અગ્રણી વસાહતી**

●●●

સે-૩૦માં મંદિરો પાસે અને જાહેરમાર્ગો પર સ્વચ્છતાનો અભાવે છે. અક્ષરધામના પાર્કિંગના કારણે વાર તહેવારે વસાહતીઓ પરેશાની ભોગવી રહ્યાં છે. સોસાયટીઓમાં ચોમાસામા વરસાદી પાણીના ભારાવાની સમસ્યા સર્જાય છે. અને સેકટરની એક સમયે ધમધમતી પોસ્ટ ઓફિસની ડિલીવરી પોસ્ટ બંધ કરી દેવાતાં પીનકોડ પણ ૩૮૨૦૩૦માંથી બદલાઈને ૩૮૨૦૨૧ થઈ ગયો છે, જે સે-૩૦ની પોસ્ટ ઓફિસ બંધ થવાના એંધાણ દર્શાવે છે.

**- કિશોર જીકાદરા**
**સેવા મંત્રી, શહેર વસાહત મહામંડળ**

●●●

ઉદયભાણજી સ્કૂલથી લઈને ઝુલેલાલ મંદિર સુધીનો અને તે ઉપરાંત અન્ય આંતરિક માર્ગો પણ બિસ્માર હાલતમાં છે. સેકટરમાં પાણીનો ફોર્સ ધીમો આવે છે અને વારંવાર ગટરો ઉભરાવવાની પણ સમસ્યા સતાવે છે. સેકટરમાં સુરક્ષા માટે નાઈટ પેટ્રોલીગમાં વધારો કરવો જરૂરી છે.

**- જગદીશ સોઈટાવાલા, જાગ્રત વસાહતી**

- પ્રતિભાવો આવકાર્ય : **samirtalod@gmail.com**